અપીલ અરજી નં.૯૮ તા.૧૪–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૫–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ નવજીવન હુન્ડાઈની પાછળ આવેલ ઈન્ડ. સોસા.માં હાલમાં મેગ્મો ડાઈગનું બાંધકામ તૈયાર થયેલ છે આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો તેમાં કેટલા માળ તથા તથા કેટલા ભાગ ગેરકાયદેસર ઉભા કરેલ છે તથા આ ગેરકાયદેસર ઉભું કરેલ બાંધકામ વિરુધ્ધ આપના વિભાગ તરફથી શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત ની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૮/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૫–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ નવજીવન હુન્ડાઈની પાછળ આવેલ ઈન્ડ. સોસા.માં હાલમાં મેગ્મો ડાઈગનું બાંધકામ તૈયાર થયેલ છે આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો તેમાં કેટલા માળ તથા તથા કેટલા ભાગ ગેરકાયદેસર ઉભા કરેલ છે તથા આ ગેરકાયદેસર ઉભું કરેલ બાંધકામ વિરુધ્ધ આપના વિભાગ તરફથી શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત ની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ થયેલ હોય તો તે અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૨ તા.૧૯–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૨૩ તા.૨–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, શીવ ચેનલનો તા.૧૭–૪–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર નં.સ.ઝોન/ટેક./૨૮૧ તા.૨૫–૫–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૫–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૨૮૧ તા. ૨૫–૫–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. તેના નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૪–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં તા.૩–૩–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ જવાબ સામે અપીલ કરેલ તેનો હુકમ થયા બાદ પણ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. તેમજ મેગ્મો ડાઈગવાળી મિલ્કતમાં થયેલ ડીમોલીશન અંગેની વિગત. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં.૧ નવજીવન હુન્ડાઈની પાછળ આવેલ ઈન્ડ. સોસા.માં હાલમાં મેગ્મો ડાઈગનું બાંધકામ તૈયાર થયેલ છે આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો તેમાં કેટલા માળ તથા તથા કેટલા ભાગ ગેરકાયદેસર ઉભા કરેલ છે તથા આ ગેરકાયદેસર ઉભું કરેલ બાંધકામ વિરુધ્ધ આપના વિભાગ તરફથી શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૨૮૧ તા.૨૫–૫–૧૦ થી મુદ્દા નં.૧ બાબતે "સદર આઈડીમાં જણાવેલ વિગતનો જવાબ અત્રેથી પત્ર નં.સા.ઝોન/ટેક/૧૨૦ તા.૩–૩–૧૦ થી આપવામાં આવેલ છે તેવી માહિતી આપેલ છે મુદ્દા નં.૨ મેગ્મો ડાઈગના ગેરકાયદે ઉભા થયેલ બાંધકામ બાબતે કે તેમની કાયદેસરતા બાબતે અત્યાર સુધીમાં કેટલી અરજીઓ આપના વિભાગમાં આવેલ છે તથા તે અરજીઓ વિરુધ્ધમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો તા.૧૭–૪–૧૦ ના રોજ મેગ્મો ડાઈગનો ગેરકાયદે ઉભા થયેલ બાંધકામના ડીમોલીશન કરવા બદલ શીવ ચેનલમાંથી આપના વિભાગમાં અરજી કરવામાં આવી હતી તે અરજી આવ્યા બાદ આપના વિભાગે તેની સામે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદેસર બાંધકામ ઝોન કચેરીએથી દુર કરી જરૂરી દંડ લેવામાં આવેલ છે તેવું જણાવેલ છે. બંને મુદ્દાની આપેલ માહિતી ધ્યાને લેતાં મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા માત્ર અગાઉ આપેલ માહિતી પત્રનો સંદર્ભ આપેલ છે તે પર્યાપ્ત નથી. આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોઈ પ્રત્યેક નવી અરજી અંગે માંગેલ માહિતી અલાયદી આપવી રહે. જયારે મુદ્દા નં.૨ અંગે " બાબત હેઠળની કેટલી અરજીઓ આવેલ છે તેની માહિતી આપ્યાનું જણાતું નથી. અરજદારે આ જ અપીલમાં ઉપસ્થિત કરેલ તેમની અપીલ નં.૪૬૧/૦૯–૧૦ તા.૨૯–૩–૧૦ ના થયેલ તા.૩–૫–૧૦ ના અપીલીય હુકમની અમલવારી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં થવાની રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારીને અત્રેના તા.૧૯–૬–૧૦ ના પત્રથી અમલવારી અંગે પુનઃ સૂચિત કરવામાં આવેલ છે. પ્રથમ અપીલના હુકમની અમલવારી અંગે નારાજગીના કિસ્સામાં કાયદાની કલમ–૧૮ તથા ૧૯ ની જોગવાઈની ઉપયોગ અરજદાર કરી શકે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે મુદ્દા નં.૧ ની નહીં પૂરી પડાયેલ તથા મુદ્દા નં.૨ ની નહીં પૂરી પડાયેલ આંશિક માહિતી દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,